**<u>સરકારી/પંચાયતના કર્મચારીઓ વગેરેને</u>**
**<u>તબીબી ભથ્થું મંજુર કરવા બાબત.</u>**

## ગુજરાત સરકાર

નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક.પગર/૨૦૧૨/૩૪૫/થ
સચિવાલય, ગાંધીનગર
તા.૩જી, ઓક્ટોબર ૨૦૧૨

વંચાણમાં લીધા :- (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક.એમએજી/૧૦૮૧/૨૦૭૭/(૮૨)થ, તા.૩૧/૩/૧૯૮૨.
(૨) નાણા વિભાગના ઠરાવ ક:વલભ/૧૯૭૦/૧૨૫૭/જ, તા.૨૫/૭/૧૯૭૦
(૩) નાણા વિભાગના ઠરાવ ક:પગર/૧૦૯૮/૧/મ, તા.૭/૧/૧૯૯૮
(૪) નાણા વિભાગના ઠરાવ ક:પગર/૧૦૯૮/૧૨/મ, તા.૨૨/૧/૧૯૯૮

## ઠ રા વ

આમુખમાં દર્શાવેલ તા.૨૨/૧/૧૯૯૮ના ઠરાવ અન્વયે રાજય સરકારે રાજયના કર્મચારીઓને તબીબી ભથ્થું પ્રતિમાસ રૂા.૧૦૦/- આપવાનો નિર્ણય લીધેલ હતો. તબીબી ભથ્થાની રકમમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજયના કર્મચારીઓને હાલ મળતાં પ્રતિમાસ રૂા.૧૦૦/-ના તબીબી ભથ્થાની રકમ વધારીને રૂા.૩૦૦/- (રૂપિયા ત્રણસો) પ્રતિમાસ કરવાનું નીચેની શરતોએ ઠરાવવામાં આવે છે.

(૧) આ હુકમ રાજય સરકાર/પંચાયતના કર્મચારીઓને અને પેન્શનરો તથા પ્રાથમિક તથા માધ્યમિક શાળાના શિક્ષકોને તેમજ કામ ખર્ચિત કર્મચારીઓ (જેમણે સળંગ એક વર્ષ નોકરી પુરી કરી હોય) તેઓને લાગુ પડશે.
(૨) આ હુકમનો અમલ તા.૧/૧૦/૨૦૧૨થી કરવાનો રહેશે.
(૩) નાણા વિભાગના તા.૨૨/૧/૧૯૯૮ના ઠરાવની શરતો યથાવત રહેશે.
(૪) હિસાબી પધ્ધતિ તેમજ વિકલ્પ આપવા અંગેની બીજી શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.ડી.સેઈલર )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ
- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(..૨..